# શહેરમાં ઠંડી આક્રમક બની : પારો ૧૧ ડિગ્રી

## આકરી ઠંડીથી જનજીવન પ્રભાવિત સેકટરોમાં સન્નાટો



ગાંધીનગર તા ૧૦

શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનુ મોજુ ફરિ વળ્યુ છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી રહયુ હતુ. શિયાળો આકરો બનતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહયા છે. સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો છવાઈ જાય છે. છેલ્લા એક સપ્તાહમાં લઘુત્તમ તાપમાનમાં ચાર થી પાંચ ડીગ્રીનો ઘટાડો નોંધાતા નગરનુ જનજીવન ઠંડીથી પ્રભાવિત થયુ છે.

શિયાળાની મૌસમ નિખરી છે. તંદુરસ્તીની આ મૌસમના પ્રારંભથી જ ઠંડીનુ મોજુ ફરિ વળતા નગરનુ જનજીવન ઠંડીની અસરથી પ્રભાવિત થયુ છે. ઠંડીનો પારો એકાએક ઉંચકાતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહયા છે. જો કે ઠંડીના પારા વચ્ચે દિવસે પણ મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી નોંધાતા દિવસે હજુ પણ નગરજનો ગરમીનો અહેસાસ કરી રહયા છે. વ્હેલી સવારે વાતાવરણમાં ધુમ્મસના લીધે પણ નગરજનો મોર્નિંગ વોક કરવાનુ ટાળે છે. ભેજનુ પ્રમાણ પણ સવારે ૮૯ ટકા જેટલુ નોંધાયુ હતુ. ઠંડીનુ પ્રમાણ વધતા શહેરમાં રાત્રિના સમયે માર્ગો પર સન્નાટો જોવા મળી રહયો છે. જયારે સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તે છે. નગરજનો ઠંડીથી રક્ષણ મેળવવા રાત્રિના સમયે ઘરની બહાર જવાનુ ટાળે છે. માર્ગ પર જતા રાહદારીઓ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે.

ઠંડીએ તીખા તેવર દેખાડતા સવારે મોર્નિંગ વોક કરનારઓની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહયો છે. શહેરમાં ઠંડીનુ પ્રમાણ વધતા સવારે સ્કુલે જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીમાં ઠુંઠવાઈ રહયા છે. કોલ્ડવેવના લીધે શ્રમિકોની હાલત દયાજનક બની રહી છે. ઠંડીનુ પ્રમાણ એકાએક વધતા જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ઠંડીના મોજાના લીધે રાત્રિના સમયે શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળે છે. જયારે કોલ્ડવેવ વચ્ચે શહેરમાં લગ્નસરાની સિઝન નિખરી છે.

# શહેરના ખ માર્ગને અનુલક્ષી વરસાદી પાણીના નિકાલની લાઈન અપગ્રેડ કરાશે

## નાળા પહોળા કરવા માટે ૪૫ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૦

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પુર્ણતાના આરે છે. જયારે માર્ગની આસપાસના નાળાને પહોળા કરવા માટેનુ કામ પણ હાથ ધરાશે. વરસાદી પાણીના નિકાલની લાઈનને અનુલક્ષી ખ માર્ગ પાછળ વધુ ૪૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. ખ માર્ગનુ કામ ડિસેમ્બર મહીનાના અંત સુધીમાં પુર્ણ કરી દેવાશે. માર્ગ નવિનીકરણની કામગીરીની સાથે ખ માર્ગના બ્યુટીફિકેશનનુ કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી પુર્ણ થવાના આરે છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધી છે. જયારે ખ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધવાની સાથે માર્ગને અપગ્રેડ કરવાનુ કામ પણ ચાલી રહયુ છે. ખ માર્ગને સિકલલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે આગામી તા ૩૧ ડિસેમ્બર સુધીમાં ખ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વેય કામ પુર્ણ કરી દેવાશે. આ દરમિયાન ખ માર્ગ પર વરસાદી પાણીના નિકાલ માટેના નાળા પહોળા કરવાનુ કામ પણ હાથ ધરાશે. તંત્ર દ્વારા આ માર્ગને સિકસલેન બનાવાની કામગીરીને અનુલક્ષી વરસાદી પાણીના નિકાલની લાઈનને પણ અપગ્રેડ કરવાનુ આયોજન કરી દેવાયુ છે. વાઈબ્રન્ટ મહોત્સવ દરમિયાન આ માર્ગ પર મહાનુભાવોની અવરજવર વિશેષ હોય છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા ખ માર્ગ પર મીડીયમ માર્કર તેમજ કેટ આઈ અને થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ લગાવાશે. શહેરના મુખ્ય માર્ગોને અનુલક્ષી હવે ખ માર્ગનુ પણ વિશેષ બ્યુટીફિકેશન કરવામાં આવશે. જયારે વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનનુ પણ કામ હાથ ધરાશે. નાળા પહોળા કરવા માટે રૂ ૪૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરના ખ માર્ગના નવિનીકરણ બાદ આગામી સમયમાં ગ માર્ગને પણ સિકસલેન કરવાની કાર્યયોજના હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે.

# ઉમિયા માતાના સાનિધ્યમાં પૂ. ગુરુમાનો ગીતા જ્ઞાન યજ્ઞ યોજાશે

## શુભારંભ પ્રસંગે રાજ્યપાલ અને સમાપન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સમદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજી દ્વારા કર્મયોગ વિષયે તા. ૧૭મી ડિસેમ્બરથી ‘‘ગીતા જ્ઞાનયજ્ઞ’’નું આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાન યજ્ઞના શુભારંભ પ્રસંગે રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી તથા સમાપન સમારોહ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ જ્ઞાન યજ્ઞ સે. ૧૨માં ઉમિયા માતાજી મંદિરના હોલ ખાતે યોજાશે.

પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજી દ્વારા કર્મયોગ વિષયે આયોજિત જીવનોપયોગી ગીતા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ તા. ૧૭મી ડિસેમ્બર શનિવારે સાંજે ૬ કલાકે કરાશે. આ ગીતા જ્ઞાન યજ્ઞનો સમાપન સમારોહ તા. ૨૪મી ડિસેમ્બર શનિવારે સાંજે ૭.૧૫ કલાકે યોજાશે. આ જ્ઞાન યજ્ઞ દરરોજ સાંજે ૬.૩૦ થી ૮ વાગ્યા દરમ્યાન યોજાશે. આ જીવનોપયોગી ગીતા જ્ઞાન યજ્ઞનો લાભ લેવા ગાંધીનગરની તમામ ધર્મપ્રેમી તથા જ્ઞાનપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બાલવાના ગિરનારી આશ્રમે હઠીલા ટીબીના ૨૦ દર્દીઓને દત્તક લીધા

## આશ્રમના સંચાલિકા પૂ. ગીતાદીદીનું પ્રેરણાદાયી પગલું : અગાઉ પણ ટીબીના ૧૦ દર્દીઓ દત્તક લીધેલા છે : જિલ્લામાં હઠીલા ટીબીના ૧૦૦થી વધુ દર્દીઓ : ખર્ચાળ સારવાર સાથે પ્રોટીનયુક્ત આહાર આવશ્યક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર-માણસા માર્ગે બાલવા ચોકડી પાસે આવેલ ગિરનારી આશ્રમના સંચાલિકા પૂ. ગીતાદીદી દ્વારા જિલ્લાના હઠીલાટીબી રોગના ૨૦ દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ગીતાદીદી દ્વારા અગાઉ પણ ટીબીના ૧૦ દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે અને હવે વધુ ૨૦ દર્દીઓને દત્તક લઈ તેમણે ઉમદા માનવસેવાનું પ્રેરક ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આ તમામ દર્દીઓને તેમની સંસ્થા શ્રી ત્રિલોકનાથ વાત્સલ્ય વાટિકા દ્વારા દર માસે ૨ હજાર રૂપિયાનું કરિયાણુ પુરૂ પાડવામાં આવે છે.



તબીબી ભાષામાં જેને ‘મલ્ટી ડ્રગ રેજીસ્ટન્ટસ એટલે કે એમડીઆર તરીકે ઓળખવામાં આવે છે તેવા ‘‘હઠીલા ટીબી’’ રોગને રાજ્ય સરકાર દ્વારા આરએનટીસીપી કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. આ રોગના દર્દીઓને ૨૪ માસની સારવાર, દવાઓ તથા તબીબી તપાસના ખર્ચ પેટે ૨ થી ૩ લાખ રૂપિયા સુધીની સહાય પણ પુરી પાડવામાં આવે છે. આ રોગમાં દર્દીને દવાઓ તથા સારવાર ઉપરાંત પ્રોટીનયુક્ત આહાર મળવો અત્યંત જરૂરી છે. આર્થિક તથા શારિરિક રીતે નબળા દર્દીઓને પ્રોટીનયુક્ત આહાર ન મળતા ‘‘હઠીલા ટીબી’’ સામે લડવા તેઓ અક્ષમ બને છે. ગાંધીનગરમાં આ રોગના હાલ ૧૦૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આ રોગને નાથવા ઝુંબેશ ચાલાવાઈ રહી છે.

જેના ફળ સ્વરૂપે દાતાઓ થકી આવા જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને ન્યુટ્રિશન સપોર્ટ મેળવાઈ રહ્યો છે. આ સંજોગોમાં ગિરનારી આશ્રમના પૂ. ગીતાદીદીએ કરેલ પહેલથી ઝુંબેશને બળ મળ્યું છે. આ દર્દીઓને દત્તક લેવાના કાર્યક્રમમાં જિલ્લા ક્ષય અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારીઓ, એમપીએચ ડબલ્યુ અને તમામ મેડીકલ ઓફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ચ-માર્ગ પર નીલગાય અને વાન વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટરોમાં આવેલ રહેણાંક વિસ્તારના મકાનોમાં નીલગાય ડોકીયા કરે છે. ગુજરાતનો રોકેટગતિએ વિકાસ થયો છે તેની સાથોસાથ શહેરનો પણ વિકાસ થતા નગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. શહેરની આસપાસના ગામના ખેતરોમાં સિમેન્ટ-ક્રોંકીટના મકાનો ઉભા થઈ જતા વન્ય પ્રાણીઓ તેમજ પશુ પક્ષીઓના રહેઠાણ સામે પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. જેને પગલે નીલગાય નગરના મુખ્ય માર્ગો તેમજ રહેણાંક મકાનો પાસે ગમે ત્યારે દેખા દેતા નાગરીકો પણ ડર અનુભવી રહ્યા છે ત્યારે માર્ગ વચાળે આવી જતી નીલગાયને પગલે અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે જયારે કેટલાક નાગરીકોએ જીવ ગુમાવાનો વારો આવ્યો છે.ત્યારે શહેરના ચ માર્ગ પર પસાર થઈ રહેલી વાનની આગળ અચાનક નીલગાય આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં નીલગાયને પગમાં ઈજા પહોંચી હતી. જયારે વાનને પણ ભારે નુકશાન પહોંચ્યું હતું. જો કે સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. ત્યારે શહેરના માર્ગો પર તેમજ સેકટોરમાં ગમે ત્યાં ફરતી અને ગમે ત્યારે આવી જતી નીલગાયને વનવિભાગ દ્વારા પકડીને પાંજરે પુરીને સલામત સ્થળે છોડવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે. અત્યારે હાલના સમયે નીલગાય માર્ગો વચાળે ગમે ત્યારે આવી જતા અકસ્માત સર્જાય છે.



ત્યારે નીલગાયને વનવિભાગ દ્વારા સલામત જગ્યાએ મુકવામાં આવે તેમજ શહેરમાં પણ રખડતી નીલગાયની માવજત વનવિભાગ દ્વારા લેવામાં આવે તેમ વન્ય પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

# આજે આયુર્વેદ મોબાઈલ ડિસ્પેન્સરીનો લોકાર્પણ સમારોહ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાની પ્રજાને નિઃશૂલ્ક આયુર્વેદ સારવારનો વધુમાં વધુ સારો લાભ મળે તેવા ઉમદા હેતુંથી શહેરની આયુર્વેદ હોસ્પિટલને કેન્દ્રિય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયાએ તેમની ગ્રાન્ટમાંથી આયુર્વેદ મોબાઈલ ડિસ્પેન્સરી-ફોર્સ ટ્રાવેલર્સવાન આપવામાં આવી છે. મોબાઈલ ડિસ્પેન્સરી લોકાર્પણ સમારોહ કાર્યક્રમ તા. ૧૧મીને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે સેકટર-૨૨ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયાના વરદ હસ્તે યોજાશે. આ પ્રસંગે શહેરના સર્વે આયુર્વેદ પ્રેમી નાગરીકોને હાજર રહેવા સંસ્થાના વડા ડો.સી. એન.જાની એ અનુરોધ કર્યો છે.

# ખ-માર્ગ પર છોકરા ભરેલી સ્કુલવાનને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર સેકટર-૨૪/૨૫ ક્રોસ રોડ પાસે છોકરા ભરીને જઈ રહેલી ખાનગી સ્કુલની વાનને ખ માર્ગ પરથી પુરઝડપે પસાર થઈ રહેલી કારે વાનને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્કુલવાનને નુકશાન પહોચ્યું હતું જયારે કાર ચાલક ટક્કર મારીને પલાયન થઈ ગયો હતો. જો કે સદનસીબે વાનમાં બાળકો ભરેલા હોવા છતા કોઈને પણ ઈજા થવા પામી નથી. પરંતુ શહેરમાં ટ્રાફિકના નિયમો નેવે મુકીને ગાડીઓ હંકારતા વાહન ચાલકો ગમે ત્યારે અકસ્માત સર્જી દેતા અન્ય નાગરીકોને પણ મુસીબતમાં મુકી દે છે. ત્યારે બેફામ ગતિએ વાહનો હંકારતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે. ગાંધીનગર શહેરમાં આવેલ શાળાઓમાં બાળકોને લાવવા મુકવાનું કામ અંદાજીત ૩૦૦ થી વધુ વાનચાલકો કરે છે. શહેરના વિદ્યાર્થીઓને ઘરે સમયસર પહોંચાડવાનું કામ મોટાભાગે વાન સંચાલકો કરતા હોય છે. ત્યારે શહેરની કેટલીક વાનના ચાલકો વાનમાં ક્ષમતા કરતા પણ વધુ બાળકો બેસાડી મનફાવે તેટલા રુપીયાનું ઉઘરાણું કરતા હોવાનો નાગરીકોનો શુર પણ નકારી શકાતો નથી. જયારે વાન સંચાલકો પોતની ગાડી અને બાળકોની જવાબદારી ડ્રાઈવરોને સોંપી દે છે. ત્યારે ડ્રાઈવરો બેજવાબદારી પૂર્વક ગાડી હંકારતા નજરે પડે છે.

પરંતુ મોટાભાગની વાન નજીકમાં બાળકો લેવાના હોવાથી ગતિ મર્યાદામાં હોય છે પરંતુ સામેથી કોઈ ગફલતભરી રીતે વાહન હંકારી આવી ગયેલો ડ્રાઈવર અકસ્માત સર્જી દે છે. આવો જ એક બનાવ શહેરના સેકટર-૨૪-૨૫ ક્રોસ રોડ પર બન્યો હતો. જેમાં વાન ચાલક સેકટરમાં પ્રવેશ કરતો હતો તે દરમિયાન અચાનક આવી ગયેલા કાર ચાલકે વાનના દરવાજે ગાડી અથડાઈને અકસ્માત સર્જયો હતો. ત્યારબાદ કાર ચાલક પોતાની કાર લઈને પલાયન થઈ ગયો હતો. પરંતુ સદનસીબે કોઈ જાનહાની થઈ ન હોવાથી વાન ચાલકે પણ મોડું થતુ હોવાથી ચાલતી પકડી હતી.

# આજે સે-૨૪ બાપા સીતારામ સેવા ટ્રસ્ટ ખાતે ભજન સંધ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ બગીચાની બાજુમાં આવેલ બાપા સીતારામ ની મઢુલીના ૧૧માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. જેમાં બાપા સીતારામ સેવા ટ્રસ્ટ દ્વારા સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન બટુક ભોજન (પ્રસાદ) તેમજ રાત્રીના ૯ થી ૧૨ કલાક દરમિયાન ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. ત્યારે આ શુભ ધાર્મિક પ્રસંગે પધારી પ્રસાદ અને ભજન સંધ્યાનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી નાગરીકોને બાપા સિતારામ મિત્ર મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર-વ્હીલચેરની અછત

## દર્દીને બેસવા વ્હીલચેર ન આપતા સ્ટાફના કર્મીઓ ફાઈલો મુકીને ફરતા દેખાય છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અધ્યતન અને આધુનિક બનાવી છતા માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો નથી. કોઈપણ વ્યકિત દર્દીને લઈને તાત્કાલીક વિભાગમાં સારવાર માટે આવે છે. ત્યારબાદ દર્દીને શિફટ કરવામાં આવે છે પરંતુ દર્દીઓને વોર્ડ સુધી પહોંચાડવા કે ઓર્થોપેડીકના દર્દીને બેસાડવા માટે જરુરીયાત મુજબની વ્હીલચેર કે સ્ટ્રેચર ન હોવાથી દર્દીઓને સ્વજનોના સહારે કે અન્ય વોર્ડમાંથી લાવવાની ફરજ પડે છે. ત્યારે હોસ્પિટલમાં આવતા દર્દીઓ તેમજ સગાઓને ન સાંભળવાનું પણ કર્મચારીઓના મુખે થી સાંભળવાનો વારો આવે છે ત્યારે તાત્કાલીક વિભાગમાં વ્હીલચેર અને સ્ટ્રેચરની અછત ઝડપી દુર કરવામાં આવે તેવી માંગ દર્દીઓ કરી રહ્યા છે.



ગુજરાત મેડીકલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને માળખાકીય સુવિધા મળી રહે તેવા સરકારના આરોગ્ય વિભાગના પ્રયાસો છે. દર્દીઓને પ્રાઈવેટ હોસ્પિટલ જેવી સુવિધા સરકારી હોસ્પિટલમાં મળે તે માટે તંત્ર પ્રયત્ન કરી રહ્યું છે. ગાંધીનગર હોસ્પિટલ આધુનિક તૈયાર કરવામાં આવી છે. કરોડો રુપીયાના ખર્ચે સંકુલ બનાવાયું છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર દર્દીઓને રાખવા માટે ઈમારત તૈયાર કરાઈ છે. જયારે આજના સમયે પણ હોસ્પિટલમાં સંકુલમાં નવીનીકરણનું કામ હાથ ધરાઈ રહ્યું છે. પરંતુ દર્દીઓને મળતી સુવિધામાં કંયાક કર્મચારીઓને પગલે કચાશ જોવા મળી રહી છે. સંકુલના તાત્કાલીક વિભાગમાં જે દર્દી આવે તે ચાલી કે ઉભો થઈ શકવાની ક્ષમતા ધરાવતો હોતો નથી. એટલે તેને હોસ્પિટલમાં લાવવાની ફરજ પડે છે ત્યારે હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર કે વ્હીલચેર ન હોવાથી દર્દીઓને સગાઓએ ઉંચકીને જવુ પડે છે.તેમજ અન્ય વોર્ડમાંથી વ્હીલચેર લાવીને લઈ જવા પડે છે ત્યાં સુધી દર્દીઓને હેરાન થવાનો વારો આવે છે ત્યારે તાત્કાલીક વિભાગમાં સત્વરે વ્હીલચેર અને સ્ટ્રેચરની અછત દુર થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

Govt. of Delhi Regd. No. 3809 (India) www.bhse.co.in
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Lucknow 536/190/Madheyganj Khadra, Sitapur Road, Lucknow, UP-226020
Help Line : 9599121061
E-mail : bhseboarddelhi2012@gmail.com
10वीं व 12वीं फेल छात्र निराश न हों
दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
8वीं पास -10वीं करें और 10वीं पास-12वीं करें।
प्राईवेट स्कूल व कोचिंग सेंटर
मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स की मान्यता लेकर अपना ब्रांच खोलें और लाखों में कमाएँ
प्रशिक्षण माधयम हिन्दी-अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली मान्यता : दिल्ली, मधयप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि दसवीं व 12वीं
प्रत्राचार कोर्स अवधि : छः महिने (सही भाषाओं में)
आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 55,000/- रूप्ये हैं।
Last Date 31-12-2016
Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 and has been recognised by MHRD
All exams will be held in April 2017 in All over India and results will be declared in 1st week of June 2017
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी हमारे मोबाईल या मेल पर भेजें।